જો લાંબા સમય માટે લાઇટ જાય

શાંત રહો. આ પગલાં એક પછી એક અનુસરો.

1 · તરત જ

- ટોર્ચ લો. મીણબત્તી સળગાવશો નહીં.
- ફ્યુઝ બોક્સ જુઓ, પછી જુઓ કે પડોશીઓને ત્યાં લાઇટ છે કે નહીં.
- કૂકર, હીટર અને કોઈ પણ ગરમ વસ્તુ બંધ કરો.
- જાણ કરવા વીજળી કંપનીને ફોન કરો.

2 · પહેલા એક કલાકમાં

- સરકારી સમાચાર માટે બેટરીવાળો રેડિયો ચાલુ કરો.
- ફોનની બેટરી બચાવો. ફોન નહીં, ટેક્સ્ટ કરો.
- બોટલો, તપેલાં અને બાથટબ પાણીથી ભરો.
- ફ્રિજ અને ફ્રીઝર બંધ રાખો.
- પડોશીઓની ખબર પૂછો.

3 · ત્યાર પછી

- ઘર છોડવાનું ન કહે ત્યાં સુધી ઘરમાં જ રહો.
- ગરમ રહેવા એક જ રૂમમાં રહો. કપડાંનાં થર પહેરો.
- પહેલાં ફ્રિજનો ખોરાક ખાઓ, પછી ફ્રીઝરનો, પછી ટિનનો.
- જો કોઈ ન મળે, તો મળવાની જગ્યાએ જાઓ.
- અફવાઓ માનશો નહીં. રેડિયો અને ઇમરજન્સી સર્વિસ પર ભરોસો રાખો.

ક્યારેય નહીં

- ઘરની અંદર ક્યારેય બાર્બેક્યુ, કેમ્પિંગ સ્ટવ કે જનરેટર ન વાપરો.
- સળગતી મીણબત્તી ક્યારેય એકલી ન મૂકો.
- લાઇટ પાછી લાવવા માટે ક્યારેય બેંકની માહિતી કે પૈસા ન આપો.

નંબર

112

યુરોપના મોટા ભાગના દેશોમાં અને બીજા ઘણા દેશોમાં આ ઇમરજન્સી નંબર છે. તમારા દેશનો નંબર ચેક કરીને લખી રાખો.

_____

તમારી વીજળી કંપનીનો પાવર કટ માટેનો નંબર.

_____

મેડિકલ મદદ, જ્યારે ઇમરજન્સી ન હોય.

_____

ગેસ ઇમરજન્સી.

અમારા ઘરનો પ્લાન

આ સાથે મળીને ભરો.

અહીં કોણ કોણ રહે છે

ઘરની નજીક અમે ક્યાં મળીશું

ઘરે ન પહોંચી શકીએ તો અમે ક્યાં મળીશું

દૂર રહેતા એક સગા કે મિત્ર, જેનો અમે બધા સંપર્ક કરી શકીએ (નામ અને નંબર)

એક પડોશી જે મદદ કરી શકે, અથવા જેને અમારી મદદની જરૂર હોય

પરિવારના ફોન નંબર

ડૉક્ટર અને ફાર્મસી

અમારી વીજળી કંપની અને એકાઉન્ટ નંબર

Our power cut rota letter (on the electricity bill)

દવાઓ અને કેટલી લેવાની

સમાચાર માટે રેડિયો સ્ટેશન અને ફ્રીક્વન્સી

ટોર્ચ, રેડિયો અને બેટરી ક્યાં રાખ્યાં છે

પાણી ક્યાંથી બંધ થાય છે (સ્ટોપકોક)

ફ્યુઝ બોક્સ ક્યાં છે

બીજું કંઈ પણ

અમારી કિટ — તૈયાર થાય ત્યારે ટિક કરો

- [ ] 3 દિવસનું પાણી
- [ ] ટોર્ચ અને બેટરી
- [ ] નાની નોટોમાં રોકડા પૈસા
- [ ] ગરમ કપડાં અને ધાબળા
- [ ] રાંધ્યા વગર ખાઈ શકાય એવો ખોરાક
- [ ] બેટરીવાળો કે વાઇન્ડ-અપ રેડિયો
- [ ] એક અઠવાડિયાની દવાઓ
- [ ] ફોન નંબરની કાગળ પરની યાદી
- [ ] ટિન ઓપનર
- [ ] ચાર્જ કરેલી પાવર બેંક
- [ ] ફર્સ્ટ એઇડ કિટ
- [ ] બાળક અને પાળેલાં પ્રાણી માટેની વસ્તુઓ

વર્ષમાં બે વાર, જ્યારે ઘડિયાળનો સમય બદલાય ત્યારે, આ પ્લાન અને તમારી કિટ ચેક કરો.